ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર શહેરમાં ઐતિહાસિક મતદાન

## બપોરે ૩ વાગ્યા સુધીમાં મતદારોએ ઉત્સાહભેર ૬૩.૭૪ ટકા મતદાન કર્યું : સવારથી જ વોટીંગ માટે ભારે લાઈન : સભા, રેલી, સરઘસોએ મતદારોમાં જુસ્સો પુર્યો

ગાંધીનગર, તા. ૧૭

વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કામાં થયેલા જંગી મતદાન બાદ બીજા તબક્કામાં પણ આશ્ચર્યજનક મતદાન થશે તેવી અટકળો પહેલેથી જ બંધાઈ ગઈ હતી ત્યારે આજે યોજાયેલ બીજા તબક્કામાં ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોમાં સવારથી જ મતદારોમાં ઉત્સાહ અને જુસ્સો દેખાઈ રહ્યો હતો. ગાંધીનગર ઉત્તરની વિધાનસભા બેઠકના ૨૧૬ મતદાન મથકો પૈકી ગ્રામ્ય વિસ્તારના ૬૫ મથકો પર સવારથી જ મતદાન માટે મતદારોની લાઈનો લાગી હતી તે ઉપરાંત શહેરી વિસ્તારના ૧૫૧ મથકોમાં પણ બપોરના બે કલાકને બાદ કરતાં આખો દિવસ ધસારો જોવા મળ્યો હતો. મતદાન મથકો સમયસર પહોંચી ગયા હતા અને જિલ્લાની પાંચેય બેઠકોમાં મતદારોનો સવારથી જ ઘસારો જોવા મળ્યો હતો. પહેલા એક જ કલાકમાં ૭ ટકા મતદાન જિલ્લામાં થયા બાદ ૧૧ વાગ્યા સુધી જિલ્લામાં ૨૭.૦૯ ટકા મતદાન થઈ ચુક્યુ હતું. જેમાં ગાંધીનગર ઉત્તરમાં ૨૬.૭ ટકા મતદાન થવા પામ્યુ હતુ. ત્યાર બાદ બે કલાકમાં એટલે કે એક વાગ્યા લ્હાણીએ પણ મતદારોમાં ઉત્સાહ ઉમેર્યો હતો. મતદારોએ ઈવીએમ મશીનમાં પોતપોતાના મનપસંદ ઉમેદવારો તરફી વોટીંગ કરીને તેમના ભાવી કેદ કરી દીધા છે. મતદાર યાદીમાં નામ જ ન હોવાની પણ સંખ્યાબંધ ફરીયાદો ઉઠી હતી. જેને પગલે મતાધિકારનો લાભ તેઓ લઈ શક્યા ન હતા.



**અંદાજીત**

**72 %**







ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ૬૨ ગ્રામ્ય વિસ્તાર તથા ૧૫૧ શહેરી વિસ્તાર મળીને ૨૧૬ મતદાન મથકોમાં કુલ ૨,૦૩,૭૮૨ મતદારો છે. જેમાં ૧,૦૫,૮૮૩ પુરુષો અને ૯૮,૮૯૯ સ્ત્રીઓ મતદારો છે. ૨૦૩ ચો.કિ.મી.ના ક્ષેત્રફળના આ મત વિસ્તારમાં કુલ આઠ ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો હતો. ત્યારે મતદાનની ટકાવારી પર પણ ચોક્કસ ઉમેદવારનું ભાવી મતગણતરી પહેલા જ નક્કી કરી શકાય તેવા સમીકરણો રચાય છે. પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોમાં થયેલા જંગી મતદાન બાદ બીજા તબક્કામાં ૯૫ બેઠકોમાં પણ મતદાનની ટકાવારી ઉંચી આવશે તેનો પુર્વ અંદાજ બંધાઈ ચુક્યો હતો અને આ જ બાબત ચર્ચાનો વિષય બન્યો હતો. દરમ્યાન આજે સવાર પડતા જ એક પછી એક મતદારો










સુધીમાં જિલ્લાની પાંચેય બેઠકોમાં કુલ ૪૪.૮ ટકા મતદાન નોંધાયું હતું જેમાં ગાંધીનગર ઉત્તરમાં ૪૨.૫ ટકા મતદાન મતદારોએ ઉત્સાહભેર કર્યુ હતું. રસાકસીભર્યા ચૂંટણીજંગમાં પોતાના ઉમેદવારને જીતાડવા મતદારોએ બપોરે પણ ઉમળકો ડગવા દીધો ન હતો અને ૩ વાગ્યા સુધીમાં જિલ્લામાં ૬૩.૭૪ ટકા મતદાનમાં ગાંધીનગર ઉત્તરનું અંદાજીત ૬૦.૬૬ ટકા મતદાન થવા પામ્યુ હતુ. સાંજ સુધી મતદારોનો ઘસારો ચાલુ રહેવા પાછળ અન્ય કેટલાક પરીબળો પણ કામ કરી ગયા હતા. વિવિધ પક્ષોના ઉમેદવારો દ્વારા યોજવામાં આવેલી સભાઓ, રેલીઓ તથા સરઘસોએ પણ મતદારોમાં જુસ્સો પુર્યો હતો તે ઉપરાંત મતદારોને રીઝવવા માટે દારૂ-ચવાણા સહીત રાત-દિવસના ચા-નાસ્તા તથા તેલના ડબ્બા સુધીની





## ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં મતદારો સ્વયંભૂ ઉમટી પડયા

### મતદાનના પ્રારંભિક તબક્કાથી જ મતદારો કતારમાં ખડા રહ્યા

### વિકલાંગો-વૃધ્ધોએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિધાનસભાની અન્વયે આજે બીજા તબક્કાની રીતે વોટ આપવા મતદાન મથકોએ ઉમટી પડયા હતા. સવારથી જ મતદાન મથકોએ મતદારો મત આપવા કતારમાં ખડા થઈ ગયા હતા. મતદાન થયા બાદ આજે બીજા તબક્કા માટે મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રથમ તબક્કાની









યુવા મતદારો સહિત મહિલાઓ અને સિનિયર સિટીઝન્સમાં પણ મતદાન માટે વિશેષ જાગૃતિ કેળવાઈ હોવાનું સ્પષ્ટ થયું હતું. વિકલાંગો અને વૃધ્ધો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાનું ચુકયા ન હતા.

મતદાનની પ્રક્રિયા દરમિયાન ગ્રામ્ય વિસ્તારના મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગને લઈ જિલ્લાની પાંચેય બેઠકો પર શહેરી વિસ્તાર સહિત ગ્રામ્યકક્ષાએ પણ મતદારો સ્વયંભૂ

ગુજરાત વિધાનસભાની ચુંટણી અન્વયે પ્રથમ તબક્કામાં ઐતિહાસિક ચુંટણી દરમિયાન મતદારોમાં જોવા મળેલી જાગૃતતા અને ઉત્સાહના લીધે બીજા તબક્કાની ચૂંટણી દરમિયાન પણ ઉંચું મતદાન થશે તેવી સંભાવના સેવાઈ રહી હતી. બીજા તબક્કાના

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ ૧૧૨ બેઠક પર વિજય મેળવશે : શંકરસિંહ વાઘેલા

### વાસણ ગામમાં મતાધિકારનો ઉપયોગ કરી બાપુએ જીતનો વિશ્વાસ વ્યકત કર્યો

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિધાનસભાના રસાકસીભર્યા ચૂંટણી જંગમાં કોંગ્રેસ પક્ષ ૧૧૨ બેઠકો પર વિજય મેળવી સત્તા પરિવર્તન લાવશે તેવો વિશ્વાસ કોંગ્રેસના પીઢ નેતા શંકરસિંહ વાઘેલાએ વ્યકત કર્યો હતો. તેમણે આજે વાસણ ગામ સ્થિતકુમાર પ્રાથમિક શાળામાં સવારે ૮.૩૩ કલાકે મતદાન કર્યું હતું.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૭૦ ટકાથી પણ વધુ ઐતિહાસિક મતદાન થયા બાદ કોંગ્રેસના ટોચના નેતાઓમાં



મતદારોનો જોક પક્ષ તરફી હોવાની આશા પ્રબળ બની છે. ઊંચા મતદાનને લીધે સત્તાના સમીકરણ બદલાશે તેવી શકયતાના બદલે કોંગ્રેસ પક્ષે પ્રજાનો ચૂકાદો પોતાની તરફ હોવાનો વિશ્વાસ વ્યકત કર્યો છે. રાજયમાં આજે ૮૨૦ ઉમેદવારો માટે બીજા તબક્કાની મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બીજા તબક્કાની ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા સહિત ૧૬ પ્રધાનોના ભાવિનો ફેંસલો થનાર છે. આ તબક્કે કોંગ્રેસના અગ્રણી નેતા શંકરસિંહ આજે વાસણ ગામમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ વેળાએ તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ૧૧૨ બેઠકો ઉપર વિજય મેળવશે. ગુજરાતમાં ઉંચા મતદાનની સાથે સત્તા પરિવર્તનનો સંકેત આપતા વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે પ્રજાનો વિશ્વાસ અને બહુમતી મેળવી કોંગ્રેસ પક્ષ સરકાર બનાવશે તેવો દઢ વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો.

## મતદાર યાદીમાં વાવોલની બે વૃદ્ધાઓને મૃત દર્શાવાઈ

### કેટલાય મતદારોનાં યાદીમાં નામ જ ન હતાં

### ૧૧ સ્થળે ઈ.વી.એમ. મશીન ખોટવાયાં

ગાંધીનગર,તા. ૧૭

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોના મતદારો પૈકી સંખ્યાબંધ મતદારોના મતદારયાદીમાં નામ જ ન હોવાની ફરીયાદો ઉઠવા પામી હતી. તે ઉપરાંત વાવોલ ગામની બે વૃદ્ધાઓ મતદાન કરવા ગઈ તો તે બન્ને મૃત હોવાનું મતદારયાદીમાં દર્શાવાયું હોવાનું બહાર આવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે યાદીમાં નામ ન ધરાવનાર મતદારો પૈકી જાગૃત મતદારો બપોરે જિલ્લા કલેકટર કચેરીએ રૂબરૂ પહોંચી ગયા હતા અને મતદાર કાપલીની માંગણી કરી હતી.

ગાંધીનગર જિલ્લાના મતદારો સવારથી જ ભારે ઉત્સાહથી મતદાન મથકોએ મત આપવા પહોંચી ગયા હતા. પંરતુ બુથ પર જઈને મતદાર યાદી ચકાસતા કેટલાય નાગરીકોના તેમાં નામ જ ન હતા. તો કેટલાકને મતદાર કાપલી પણ પહોંચી ન હોવાની ફરીયાદો ઉઠી હતી. જો કે જાગૃત મતદારો જિલ્લા કલેક્ટર કચેરીએ બપોરે મતાધિકારનો ઉપયોગ થાય તે માટે યાદીમાં નામ ઉમેરવા પહોંચી પણ ગયા હતા.ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં ૧૧ જેટલા ઈ.વી.એમ. મશીન ખોટકાયા હોવાનુંપણ જાણવા મળ્યુંછે. ગાંધીનગર શહેરના સે. ૨, સરગાસણ સહિત વિવિધ ૧૧ ઈ.વી.એમ. મશીન થોડા સમય માટે ખોટકાયા હતા. તે ઉપરાંત વાવોલ ગામમાં મતદાન મથકે બે વૃદ્ધાઓ પહોંચી તો તેઓ યાદીમાં મૃત હોવાનું દર્શાવાયું હતું.

ZARIN CATERING Pvt.

REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad

CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192,
Electronics Estate, B/h. Videocon Factory,
Sector-26, Gandhinagar

## મતદાન મથકોમાં ધસારો ને ગાંધીનગરના માર્ગો પર સન્નાટો

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે આજે તા. ૧૭મી ડિસેમ્બરના રોજ યોજાયેલ મતદાન પ્રક્રિયામાં વહેલી સવારથી જ મતદારો મતદાન મથક પર પહોંચી મતદાન કરી જાણે કે પોતપોતાના ઘરમાં પુરાઈ ગયા હતા. જેથી બપોરના ૧૨ વાગ્યા બાદ સમગ્ર ગાંધીનગરમાં ભારે સન્નાટો વ્યાપી ગયો હતો અને જાણે કરફર્યુ મુક્યો હોય તેમ લાગી રહ્યું હતું.

ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે યોજાયેલા મતદાન માટે ગાંધીનગર ઉત્તરની બેઠકના મતવિસ્તારમાં સમાવિષ્ટ ગાંધીનગર શહેરમાં વહેલી સવારથી જ ગાંધીનગરાઓ મતદાન મથક પર પહોંચી ગયા હતા અને પોતાના મતદાનની ફરજ અદા કરી હતી. પરંતુ સવારે ૮ થી ૧૦ના સમયમાં જે કચકચાઈને થયેલા મતદાન બાદ ૧૨ વાગ્યા પછી સમગ્ર ગાંધીનગરમાં ભારે સન્નાટો વ્યાપી ગયો હતો. શહેરના તમામ નાના મોટા શોપિંગ, સેન્ટરો, બેંકો, બજારો, ખાણી-પીણીની ચોપાટી વગેરેના શટરો પડી ગયા હતા અને તમામ ગાંધીનગરાઓએ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા.





SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · RFIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com